

## ગરીબ અને જરૂરતમંદ ૬૦૦થી લોકોએ આ કેમ્પનો લાભ લીધો

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં લોક જાગૃતિ માટે કાર્યરત જન જાગૃતિ મંચ અને પાટીદાર સેવા સંઘ ના સંયુક્ત ઉપક્રમે સર્વ રોગ નિદાન અને નિઃશુલ્ક સારવાર કેમ્પ વાત્સલય ધામ ખાતે યોજાતા ગરીબ અને જરૂરત મંદ ૬૦૦ થી લોકોએ આ કેમ્પનો લાભ લીધો હતો.જેમાં જન જાગૃતિ મંચના પ્રેરક પૂર્વ સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા હતા અને કેમ્પમાં ૨૦ નિષ્ણાત તબીબોની ટીમે સેવા આપતા આ તબીબો સહિત સહુને પૂર્વ સંસદે બિરદાવ્યા હતાં

# ખેડા જિલ્લાની ગ્રામ પંચાયતોમાં ભાજપનો ભગવો લહેરાયો

## ૩૧૦ પંચાયતોના સરપંચો ભાજપ પ્રેરિત ચૂંટાયા : ચૂંટાયેલા સરપંચોને સાંસદ અને જિલ્લા ભાજપ પ્રમુખ દેવસિંહજી ચૌહાણે અભિનંદન પાઠવ્યા

નડિયાદ, તા.૩૧

સમગ્ર ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં ખેડા જિલ્લાની પણ ૪૧૨ ગ્રામ પંચાયતોમાં ભારે રસાકસીભરી ચૂંટણીના પરિણામો આજે જાહેર થયા હતા. જે પરિણામો જાહેર થતાં જ ભાજપની છાવણીમાં આનંદની લહેર પ્રસરી ગઈ હતી. કુલ ૪૧૨ પંચાયતોમાંથી ૩૧૦ પંચાયતોમાં ભાજપ પ્રેરિત ઉમેદવારો વિજેતા બનતા સર્વત્ર આનંદ છવાયો હતો. વિજેતા તમામ સરપંચોઅને પંચાયતના સભ્યોને જિલ્લા ભાજપ પ્રમુખ અને સાંસદ દેવુસિંહજી ચૌહાણ તથા વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈએ અભિનંદન પાઠવ્યા હતા.

સમગ્ર દેશમાં ભાજપનું શાસન ચાલી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીમાં સૌને વિશ્વાસ મુકીને તેઓના દરેક પગલાંને સર્વત્ર પ્રજાજનો હરખભેરવ વધાવી રહ્યા છે. જે ચૂંટણીના પરિણામો પરથી ફલિત થઈ રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં પંચાયતોની ચૂંટણી એ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીની પારાશીશી સમાન હતી. આ તમામ પંચાયતો પૈકી ખેડા જિલ્લાની ૪૧૨ ગ્રામ પંચાયતોની ભારે રસાકસીભરી ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણીના સરપંચ પદના અને સભ્યપદના ઉમેદવારોએ ભાજપના જિલ્લા પ્રમુખ અને સાંસદ દેવુસિંહજી ચૌહાણના માર્ગદર્શન હેઠળ ચૂંટણીના મેદાનમાં ઝુકાવ્યું હતું. આ તમામ સરપંચોએ જાણે નગરપાલિકાની ચૂંટણી હોય તે રીતે પોતાની પેનલો પણ ઊભી કરી હતી. આ તમામ પરિણામો નરેન્દ્રભાઈ મોદીએ રૂા. ૫૦૦, ૧૦૦૦ ની નોટ રદ કરીની લીધેલા હિંમતભર્યા પગલાંની સાથે સાથે તેમની પડખે રહી છે અને નોટ બદલવાની લાઈનમાં કલાકો સુધી ઊભા રહીને પણ મુશ્કેલીઓ વેઠી વડાપ્રધાનના નિર્ણયને નૈતિક ટેકો આપ્યો છે ત્યારે ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં પણ મતદારોએ તેમના આ નિર્ણય સાથે સૂરમાં સૂર પુરાવીને ઉમળકાભેર ભાજપ પ્રેરિત ઉમેદવારો તરફી મતદાન કર્યું છે. કુલ જાહેર થયેલા પરિણામો પૈકી ૭૫ ટકા અર્થાત્ ૩૧૦ ગામોમાં ભાજપ પ્રેરિત સરપંચો ભારે બહુમતિ સાથે ચૂંટાઈને આવ્યા છે. આ તમામ સરપંચોને ટેકો કરતાં સભ્યો પણ ચૂંટાઈ આવતાં ભાજપની છાવણીમાં આનંદની લહેર પ્રસરી ગઈ હતી. તમામ સભ્યો અને સરપંચોને જિલ્લા ભાજપના પ્રમુખ અને સાંસદ દેવુસિંહજી ચૌહાણ, વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ, માતરના ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી, જિલ્લા મહામંત્રીઓ, અર્જુનસિંહજી ચૌહાણ, દિપકભાઈ પટેલ, ગોપાલભાઈ શાહ, જિલ્લા પંચાયત પ્રમુખ જયંતિભાઈ સોઢા, ઉપપ્રમુખ કનુભાઈ ડાભી વગેરેએ અભિનંદન પાઠવીને બિરદાવ્યા હતા. તદ્ઉપરાંત સમગ્ર જિલ્લાનો સાર્વત્રિક વિકાસ થાય, સૌનો સાથ... સૌનો વિકાસ એ વડાપ્રધાનના સિદ્ધાંતને ચરિતાર્થ કરવા માટે કટિબદ્ધ થવા માટે પણ શિખ આપી હતી. સમગ્ર વિજેતા ઉમેદવારો દ્વારા વિજયયાત્રાઓ કાઢવામાં આવી હતી. અને તેમના ટેકેદારોમાં પણ પણ ભારે આનંદનું વાતાવરણ પ્રસરી ગયું હતું.

# ઊંઝા નગરપાલિકાના શોપિંગમાંથી ૨૦ બોરી જીરાની ચોરી

ઊંઝા, તા.૩૧

ઊંઝા શહેરના વિસનગર રોડ પર નગરપાલિકાના શોપિંગ સેન્ટરમાં આવેલ એક ગોડાઉનમાં તાળું તોડી અંદર પ્રવેશ કરી કોઈ તસ્કરો રૂપિયા એક લાખ પચાસ હજારની કિંમતની મત્તાની જીરાની ૨૦ બોરીઓ ચોરી કરી ગયા હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર શહેરના જુના રામપુરા ખાતે રહેતા પટેલ કમલેશભાઈ ઈશ્વરભાઈ કમિશન એજન્ટનું કામ કરે છે જેઓનું ગોડાઉન વિસનગર રોડ પર નાળા પાસે નગરપાલિકાના શોપિંગ સેન્ટરમાં આવેલ છે. આ ગોડાઉનમાં રાત્રીના સમયે તસ્કરોએ ગોડાઉનનું તાળું તોડી અંદર પ્રવેશ કરી જીરાની બોરીઓ પૈકી ૨૦ બોરી જીરુ જેની કિંમત રૂપિયા એક લાખ પચાસ હજારની થવા જાય છે તેની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે વેપારીની ફરિયાદના આધારે ઊંઝા પોલીસ સ્ટેશને ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગોડાઉનમાં ચોરી થયેલ તેની સામે આવેલ એક દુકાનનું પણ તાળું તોડી તસ્કરોએ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો.

# ભિલોડા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ટોપી પેનલનો ભવ્ય વિજય

ભિલોડા,તા.૩૦

ભિલોડા ગ્રામ પંચાયતની ભારે રસાકસીભરી ચુંટણી યોજાઈ હતી. ગત રોજ મતગણતરી વહીવટી તંત્ર



ધ્વારા હાથ ધરાઈ હતી. ગત મોડી રાત્રે ૨:૦૦ વાગ્યાના સુમારે ગ્રામ પંચાયતોના પરીણામો જાહેર થયા હતા. કહી ખુશી કહી ગમના દશ્યો જોવા મળતા હતા.ભિલોડા ગ્રામ પંચાયતની ચુંટણીનું પરીણામ જાહેર થતાં મહિલા સરપંચ પદે અંબિકાબેન ગોરધનભાઈ ગામેતીનો જંગી બહુમતીથી જીતી ગયા હતા. ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અને ટોપી પેનલના વોર્ડના સભ્યો, ભિલોડા સંકલન સમિતીના સામાજીક કાર્યકરો સહિત ગ્રામજનો ધ્વારા વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું. વિજયી બનેલા ઉમેદવારોએ મતદારોનું અભિવાદન ઝીલી નમસ્કાર કર્યા હતા.સરપંચના ટેકેદારો વિજય સરઘસમાં જોડાયા હતા. ટેકેદારો ડી.જે.ના તાલે ઝુમી ઉઠ્યા હતા. અબીલ ગુલાલની છોળો ઉડાળતા ઉડાળતા જીત ગયા... ભાઈ જીત ગયા... હમારા ઉમેદવાર જીત ગયાના... ગગનભેદી નારાઓથી ભિલોડામાં ટોપી પેનલમાં જીતનો માહોલ જોવા મળ્યો હતો. ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ પદનું સુકાન સંભાળવા માટે પાંચ મહિલા ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. ભિલોડા ગ્રામ પંચાયત મત વિસ્તારના વિકાસના ઘણા કામો બાકી છે ત્યારે તમામ વિકાસ લક્ષી કામો સત્વરે ચોક્કસપણે પુરા થાય અને સારા થાય તેમ જાગૃત મતદારો આશા સેવી રહ્યા છે. ભિલોડામાં કહી ખુશી કહી ગમના દશ્યો સર્જાયા હતા.

## કાંકરેજ ગ્રામ પંચાયતના વિજેતા સરપંચો

| | |
|---|---|
| નાના જામપુર | ઠાકોર બાલાજી રાઘુજી |
| નાણોટા | મકવાણા નાથાભાઈ ધમાભાઈ |
| પાદર | જોષી રતનબેન સવરામભાઈ |
| રણાવાડા (જા) | રાવલ જયાબેન અંબારામભાઈ |
| રણાવાડા (ખા) | વાઘેલા તારાબેન ભીખુસીંગ |
| રાંનેર | જાદવ ગામીબેન મેતુભા |
| રાણકપુર | વાઘેલા કંચનબેન રતુભા |
| રતનપુરા (ઉણ) | ડાભી નબુબેન કરશનભાઈ |
| રવિયાણા | ચમાર અમરાભાઈ દેવજીભાઈ |
| શિયા | ડોડીયા તસ્લીમબેન ખોજમભાઈ |
| તાણા | પટેલ ધર્મિષ્ઠાબેન ગિરીશભાઈ |
| તાંતીયાણા | રણાવાડિયા મધુબેન પેથાજી |
| ઉંબરી | વાઘેલા ઈન્દ્રાબા ભીખુભા |
| વરસડા | ચૌધરી ભાવનાબેન હમિરભાઈ |
| ધનેરા | ચૌધર રખુબેન ભારમલભાઈ |
| રતનપુરા (શિ) | ગોહિલ ગીતાબેન શ્રવણજી |
| તેરવાડા | ઠાકોર લવંગબેન ઠાકરસીજી |
| શિહોરી | ડાભી હિરબા સમુજી |

વગેરેનો જ્વલંત વિજય થવા પામ્યો હતો, વિજેતા ઉમેદવારોને ફૂલહાર પહેરાવી વિજયઘોષ સાથે પોતાના ગામડાનાં ટેકેદારો લઈ ગયા હતા. જો કે ચુસ્ત પોલીસ બંદોબસ્ત હોવાથી મત ગણતરી સમયે કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો ન હતો. જેમાં થરા પીએસઆઈ તથા શિહોરી પીએસઆઈ મકવાણા અને પોલીસ ટીમે સુંદર બંદોબસ્તની વ્યવસ્થા કરી હતી. ચૂંટણી અધિકારી આંકડાના બી.એસ. સોલંકી, મામલતદાર આર.ટી.કટારા, ના.મા. ચૂંટણીના બી.એમ. જોષી, આર.એસ. બારોટે સુંદર કામગીરી કરી હતી. મતગણતરી એજન્ટો તથા સરપંચ - સભ્ય ઉમેદવારો એ મતગણતરી સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મેઘરજના મોટી ભુવાલ ગામે ઈલેકટ્રીક મોટરના વીજ કરંટથી ખેડૂતનું મોત

મેઘરજ, તા.૩૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુનામા મોટી ભુવાલ ગામના ખેડૂતને શુક્રવારના રોજ પોતાના ખેતરમાં આવેલ મોટર ચાલુ કરવા જતાં અચાનક વીજ કરંટ લાગતા ખેડૂતનું મોત થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

મોટી ભુવાલ ગામના રહિશ બાબુભાઈ ભગાભાઈ ડામોર અને તેમના પિતા ભગાભાઈ જેઓ શુક્રવારના રોજ પોતાના ખેતરમાં પાણી વાળવા માટે ગયા હતા અને ત્યાં જઈ પાણીની ઈલે. મોટર ચાલુ કરવા જતાં બાબુભઆઈનો અચાનક કરંટ લાગતાં બાબુભાઈ વીજ કરંટના ઝટકાથી ફેંકાઈ ગયા હતા અને બેહોશ થઈ ગયા હતા જેથી તેમના પિતાએ બુમાબુમ કરતાં આજુબાજુના માણસો દોડી આવતાં બાબુભાઈને તાત્કાલિક ૧૦૮ દ્વારા સારવાર અર્થે બાબુભાઈને મૃત જાહેર કરતાં મૃતક બાબુભાઈના ભાઈ કનુભાઈ ભગાભાઈ ડામોરે મેઘરજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# હિંમતનગરના સિનિયર સિટીઝનોએ સાબરકાંઠા કોંગ્રેસના પ્રમુખની શુભેચ્છા મુલાકાત લીધી

હિંમતનગર સિનિયર સિટીઝન એસોસીએશન દ્વારા સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના નવા વરાયેલા પ્રમુખ ગોપાલસિંહ રાઠોડની જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે આવેલ ઑફિસમાં સિનિયર સિટીઝન એસોસિયેશનના એક પ્રતિનિધિ મંડળે શુભેચ્છા મુલાકાત લઈ નવા પ્રમુખને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રતિનિધિ મંડળમાં એસોસીએશનના પ્રમુખ રમેશચંદ્ર શાહ, માજી પ્રમુક પિયુષભાઈ દવે, મહામંત્રી, અરવિંદભાઈ શાહ, ઉપપ્રમુખ મધુસૂદન ખમાર, ખજાનચી, કે.સી. શાહ, ઉપપ્રમુખ નરેન્દ્રસિંહ પરમાર, માજી મહામંત્રી કૈલાશગીરી ગૌસ્વામી તેમજ કારોબારી સભ્ય રહીમભાઈ મીર પણ જોડાતા હતા. આ પ્રસંગે એસોસીએશનના પ્રમુખ રમેશચંદ્ર શાહે જીલ્લા પ્રમુખ ગોપાલસિંહ





રાઠોડને શુભેચ્છાઓ સાથે આશીર્વચન આપ્યા હતા અને આપના નેતૃત્વમાં જિલ્લાભરમાં કોંગ્રેસ પાર્ટી મજબુત થાય તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પ્રમુખ ગોપાલસિંહે પણ સિટીઝનોને જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં તેમજ સરકારની સંલગ્ન કચેરીઓમાં કોઈ પણ કામમાં મારી વ્યક્તિગત તેમજ પાર્ટીની જરૂરિયાત જણાય તો પાર્ટી હંમેશા સિનિયર સિટીઝનની પડખે એક સૈનિક તરીકે ઊભી રહેશે તેવી ખાતરી આપી હતી. જેને સિનિયર સિટીઝન એસોસીએશનને સહર્ષ વધાવી હતી.



## ખેડબ્રહ્મા - કન્યા વિદ્યાલયમાં બાલમેળો યોજાયો

સંત રામજીબાપા ક.ક.પા. કન્યા વિદ્યાલય, ખેડબ્રહ્મા મુકામે દીકરીઓ દ્વારા બાલમેળાનું આયોજન કરવામાં આવેલ. જેમાં જુદા-જુદા કુલ-૧૬ સ્ટોલ બનાવવામાં આવેલ. જેનું ઉદ્ઘાટન સમાજના અગ્રણી રામભાઈ કે. પટેલે કરેલ. જયોતિ હાઈસ્કૂલના આચાર્ય સુરેશકુમાર પટેલ, મંત્રી શાંતિભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ખાણી-પીણી અને મનોરંજન માટેની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. સ્ટાફ અને બાળકોના જુસ્સાને બિરદાવતા આચાર્ય જસ્મીનાબેન પ્રજાપતિ અને જિજ્ઞાબેન પંડ્યાએ અભિનંદન પાઠવ્યા હતા.

## રાહતોની ભેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રેણીબદ્ધ જાહેરાત કરીને ગરીબ અને મધ્યમ વર્ગને નવી ભેટ આપી હતી. મોદીએ ભ્રષ્ટાચાર અને બ્લેક મની સામે લડવામાં સરકારને ટેકો આપવા લોકોને ફરી એકવાર અપીલ કરી હતી. સાથે સાથે સમાજના જુદા જુદા વર્ગ માટે નવી સ્કીમનો વરસાદ પણ કરી દીધો હતો. નવા વર્ષની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને નામ ટેલિવિઝન સંબોધનમાં મોદીએ આજે શ્રેણીબદ્ધ નવી યોજનાઓની જાહેરાત કરી હતી. જેના ભાગરૂપે વરિષ્ઠ નાગરિકોને ૭.૫ લાખ રૂપિયા સુધીની રકમ પર ૧૦ વર્ષ સુધી વાર્ષિક ૮ ટકા વ્યાજ આપવાની જાહેરાત કરી હતી. આ વ્યાજને દર મહિને તેઓ ઉપાડી શકશે. સાથે સાથે ગર્ભવતી મહિલાઓ માટે પણ મોટી જાહેરાત કરી હતી. દેશના ૬૫૦થી વધારે જિલ્લાઓમાં સરકાર સગર્ભા મહિલાઓને નોંધણી, ડિલીવરી, રસીકરણ માટે છ હજાર રૂપિયાની મદદ કરવાની જાહેરાત કરી હતી. આ છ હજાર રૂપિયા સગર્ભા મહિલાના બેંક ખાતામાં જમા કરાવી દેવામાં આવશે. હાલમાં આ યોજના દેશભરના ૬૫૦ જિલ્લાઓમાં લાગુ થશે. દેશમાં કુલ ૬૮૨ જિલ્લાઓ છે. મોદીએ બેન્કીંગ કર્મચારીઓને પણ ગરીબ અને મધ્યમ વર્ગને ધ્યાનમાં લઈને પોતાની યોજના બનાવવા માટે તમામને અપીલ કરી હતી. સાથે સાથે વરિષ્ઠ નાગરિકો માટે પણ રકમની જાહેરાત કરી હતી. નાના કારોબારીઓની ક્રેડિટ ગેરન્ટીને વધારીને સરકારે ૧ કરોડથી બે કરોડ રૂપિયા કરી દેવાની જાહેરાત કરી છે. ખેડૂતો માટે મોટી જાહેરાત કરતા મોદીએ ખરીફ અને રવિની વાવણી માટે લોન લેનાર ખેડૂતોના ૬૦ દિવસનું વ્યાજ સરકાર દ્વારા ઉપાડવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. ખેડૂતોના ખાતામાં રકમ ટ્રાન્સફર કરવાની પણ જાહેરાત કરી હતી. સસ્તા આવાસની મોટી યોજનાની જાહેરાત કરતા તેમણે ગ્રામીણ વિસ્તારોમાં પોતાના આવાસના સમારકામ માટે બે લાખ રૂપિયાની લોન પર વ્યાજમાં ૩ ટકા છૂટછાટ આપવાની જાહેરાત કરી હતી.

## ઘરવાપસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

શિવપાલે કહ્યું હતું કે અમે સાથે મળીને ચૂંટણી લડીશું. ઈમરજન્સી મિટીંગ બોલાવવાનો ગઈકાલે નિર્ણય કરાયા બાદ હકાલપટ્ટી ગઈકાલે કરવામાં આવી હતી. જેથી નાટકીય ઘટનાક્રમનો દોર શરૂ થયો હતો. મુલાયમસિંહ આખરે ઝુકી ગયા છે. અખિલેશના સમર્થનમાં મોટી સંખ્યામાં લોકો પહોંચતા મુલામયસિંહ હચમચી ઉઠ્યા હતા. શિવપાલે ટ્વીટ કરીને આ મુજબની માહિતી આપી દીધી છે. ધારાસભ્યોના અભૂતપૂર્વ સમર્થનથી ખુશખુશાલ અખિલેશની છાવણી હવે અમરસિંહની હકાલપટ્ટી ઉપર મક્કમ છે. અત્રે નોંધનિય છે કે ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમ સિંહ યાદવ અને મુખ્યપ્રધાન પુત્ર અખિલેશ યાદવ વચ્ચે જારી ખેંચતાણ વચ્ચે પ્રથમ રાઉન્ડની લડાઈ અખિલેશ યાદવે આજે સવારે જીતી લીધી હતી. આજે સવારે ૧૦ વાગે અખિલેશની બેઠક શરૂ થઈ હતી. તેમાં ૨૨૮ પૈકી ૧૯૮ ધારાસભ્યો હાજર રહ્યા હોવાના હેવાલ મળ્યા હતા. આ ઉપરાંત આશરે ૩૪ એમએલસી અને એવા ઉમેદવારો પણ પહોંચ્યા હતા જેમના નામ અખિલેશની યાદીમાં સામેલ હતા.

## વૃક્ષો દૂર કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેશત છે. વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ તંત્ર દ્વારા વૃક્ષોનુ ટ્રીમીંગ હાથ ધરાયુ છે.જયારે સાથો સાથ જોખમી વૃક્ષોને દુર કરવા માટે પણ ટીમ કામે લગાડવામાં આવી છે. વરસાદી ઋતુ દરમિયાન સુકા વૃક્ષો ગમે ત્યારે જમીન દોસ્ત થતા અકસ્માતનો ભય રહે છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા અગાઉ સુકા વૃક્ષોનુ માર્કીંગ પણ કરવામાં આવ્યુ હતુ. જયારે હાલ આ વૃક્ષોની કટોતી હાથ ધરવામાં આવી છે. બીજીતરફ ટ્રીમીંગની કામગીરી પણ ચાલી રહી છે. હાલ ઘ-૫ થી સરકીટ હાઉસ તરફ જવાના માર્ગ પર ટ્રીમીંગનુ કામ ચાલી રહયુ છે. ત્યારબાદ નવા સેકટરોમાં પણ ટ્રીમીંગની કામગીરી હાથ ધરાશે.

## ગુણાત્મક સુધાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગત ગુરુવારે હાથ ધરાયેલ આ પ્રોજેકટ અંતર્ગત તાલુકાની ૭૦થી વધુ શાળાઓની બીઆરસી સીઆરસી સહિતના મોનીટરીંગ સ્ટાફે મુલાકાત લીધી હતી. જિલ્લા પ્રાથમિક શાસનાધિકારી રાઠોડ, તાલુકા પ્રાથમિક શાસનાધિકારી સંજય પરમારે પણ ૧૫થી વધુ શાળાઓની મુલાકાત લીધી હતી.ગુણાત્મક સુધાર પ્રોજેકટ દરમિયાન બહાર આવેલી ક્ષતિઓ અંગે એક વિસ્તૃત ચિંતન તાલુકા કક્ષાએ હાથ ધરવામાં આવ્યું છે. આગામી સપ્તાહમાં તે માટે વિશેષ વ્યુહરચના તૈયાર કરી ક્ષતિપૂર્તિ કરી દેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. જિલ્લામાં ગુણાત્મક સુધાર પ્રોજેકટ અંતર્ગત ૫મીએ હાથ ધરાનાર કામગીરીને લઈ તંત્ર એ આયોજન કરી રહેલ છે. આ માટે સોમવારે આખરી રૂપ આપી દેવામાં આવશે. જિલ્લા કક્ષાએ લેખન-ગણન અને વાંચન અંગેનું પ્રશ્નપત્ર તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવશે. સવા લાખ જેટલા બાળકો પંચાયત હસ્તકની શાળાઓમાં અભ્યાસ કરી રહ્યા છે. આ પૈકી એક લાખ જેટલા બાળકોને આવરી લેવામાં આવશે.

## મોરપીંછનાં રંગ

● ૪ પાનાનું ચાલુ...

ચન્દ્રગુપ્તની માતા ‘મુરા’નું પાત્ર પપીયા સેનગુપ્તા નામની અભિનેત્રી ભજવે છે. પરનું આરંભે જેલવાસ સુધી આ પાત્ર ફિલ્મી લાગતું હતું. જાણે કે ‘કરણ અર્જુન’ ની મા હોય એમ વધારે લાગતું હતું. જો કે આ કલાકારની નહીં દિગ્દર્શકની ક્ષતિ કહી શકાય. આમ આ આખી ઐતિહાસિક સિરીયલનું સૌથી સક્ષમ પાત્ર નંદિની - શ્વેતા બાસુપ્રસાદ ભજવે છે અને સૌથી નબળું પાત્ર ચાણક્યનું મનોજ કોલ્હાટકરનું છે. દિગ્દર્શન, સ્ક્રીપ્ટ રાઈટિંગ અને સંગીતના પાસા નબળા છે. આમ છતાંય શહેનશાહ અકબર હોય કે સમ્રાટ ચન્દ્રગુપ્ત હોય...એમના જીવનની અંતરંગ દુનિયાનું ખુબ સૂક્ષ્મ નિરુપણ કરવામાં આ બાલાજી ટેલિફિલ્મ સફળ બને છે.

- 9426060601.india@gmail.com

## રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

થઈ જ ચુકી છે, આમેય હવે ‘માહી’ કેટલો સમય? ૨૦૧૭મા ક્રિકેટમાં ચેમ્પિયન્સ ટ્રોફી તો છે જ પણ એ સિવાય ભારતમાં રમાનાર ફૂટબોલનો અન્ડર-૧૭ વર્લ્ડ કપ, ટેનિસમાં ચેન્નાઈ ઓપન અને સદાબહાર આઈ.પી.એલ. – સીઝન ૧૦નું આકર્ષણ રહેશે. ૨૦૧૭મા જ એક વખતની મોબાઈલ માર્કેટની કિંગ કંપનીઓ નોકિયા ૨૦૧૭મા પાંચ એન્ડ્રોઈડ ફોન સાથે અને બ્લેકબેરી ફરી એકવાર બીજા પાસે બનાવેલા નવા હેન્ડસેટ્સ સાથે પોતાનું તકદીર મોબાઈલ માર્કેટમાં અજમાવશે તો ૨૦૧૭મા જ આઈફોનના લોન્ચિંગના ૧૦ વર્ષ પુરા થવાની ઉજવણી એપલ નવા આઈ-ફોન ૮ માં વધુ ફેસિલીટીઝ સાથે કરશે અને એમાંની એક ‘ડ્યુઅલ સીમ’ હોઈ શકે છે અને આ વખતે કદાચ નવો આઈફોન રેગ્યુલર રીલીઝ મંથ સપ્ટેમ્બરને બદલે જુનમાં રીલીઝ થઈ શકે છે! ૧ જાન્યુઆરી ૨૦૧૭થી જ યુનાઈટેડ નેશન્સના મહાસચિવ પદે પોર્ટુગલના પૂર્વ રાષ્ટ્રપતિ એન્ટોનિયો બિરાજશે તો સીરિયા અને તુર્કીના મામલે ડખ્ખે ચડેલા પુતિન અને ટ્રમ્પ વચ્ચે ફરી એકવાર શીતયુદ્ધ છેડશે કે નહિ એના પર પુરા વિશ્વની નજર રહેશે. ઓઈલ ઉત્પાદક કરતા દેશોના મંડળ ઓપેકે તેલનું ઓછું ઉત્પાદન કરવાનું નક્કી કર્યું હોવાથી ૨૦૧૭મા પેટ્રોલના ભાવ ઉચા જવાની પૂરી શક્યતા છે. ૨૦૧૬મા અમુક લોકોને જ અપાયેલું ‘લાઈવ ઓડિયો’ નુંફીચર ૨૦૧૭મા ફેસબુક બધા યુઝર્સને આપી શકે છે. અને હા લાસ્ટ બટ નોટ લીસ્ટ ૨૦૧૭માં જ ગુજરાત વિધાનસભાની ચૂંટણી ‘ધાર્યા કરતા વહેલી’પણ આવી શકે છે...!! હેપ્પી૨૦૧૭ ટુ ઓલ્લ્લઝ્ઝ્ઝ...!!

વિસામો : ૨૦૧૭ નો યક્ષ-પ્રશ્ન : ‘શું, ‘જીઓ’ ૩૧ માર્ચ પછી પણ મફત જ રહેવાનું’!?

# બનાસકાંઠાના સોની-ડીસા ગામે સેવા સેતુકાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા.૩૧

બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના સોની અને ડીસા તાલુકાના ભીલડી ખાતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ વિભાગના રાજયમંત્રી કેશાજી ચૌહાણના અધ્યક્ષસ્થાને સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં મંત્રીએ જણાવ્યું કે છેવાડાના વિસ્તારમાં રહેતો માણસ પણ સરકારની એકપણ યોજનાથી વંચિત ન રહે અને તેના તમામ પ્રશ્નોનો એક જ સમયે અને સ્થળે ઉકેલ લાવવાનો ભગીરથ પ્રયાસ સેવા સેતુના માધ્યમથી રાજય સરકાર કરી રહી છે. તેવી જ રીતે સામૂહિક પ્રશ્નોના નિકાલ માટે પ્રાંત કક્ષાએ પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજવામાં આવે છે. તેમણે જણાવ્યું કે આ કાર્યક્રમોમાં અધિકારીઓ પણ સાચા અર્થમાં કર્મયોગી બનીને આ વિરાટ કાર્યમાં સહભાગી બની રહ્યા છે. તેમણે જણાવ્યું કે આ સરકાર ગરીબો, દલિતો અને શોષિતોના વિકાસ માટે સતત કાર્યશીલ છે. મંત્રીએ કહ્યું કે જયાં માનવી ત્યાં સુવિધા આપવા રાજય સરકાર કટીબધ્ધ છે.

આ પ્રસંગે મંત્રીના હસ્તે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને ગેસ કનેકશનની કીટ, અન્નબ્રહ્મ યોજનાના લાભાર્થીઓને અનાજની કીટ એનાયત કરવામાં આવી હતી. ખેતીવાડી ખાતાના લાભાર્થીઓને તાડપત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે, જિ.પં.સદસ્ય બબાજી રાઠોડ, બનાસ બેંક ડિરેકટર બાબુભાઈ પાનકુટા, ભીલડી સરપંચ મહેશભાઈ મોદી, દિયોદર પ્રાંત અધિકારી કે.એસ.ગેલાત, ડીસા પ્રાંત અધિકારી દિગંત બ્રહ્મભટ્ટ, અગ્રણીઓ, લાભાર્થીઓ અને સારી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧